# અર્બન હેલ્થ સોસાયટી
# ભાવનગર મહાનગરપાલિકા

## જાહેરાત

૧૫માં નાણાપંચ અન્વયે અર્બન હેલ્થ સોસાયટી, ભાવનગર મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ હેઠળનાં ૧૪ અર્બન હેલ્થ સેન્ટરો ખાતે કુલ–૩૦ **'આયુષ્યમાન આરોગ્ય મંદીર"** કાર્યરત કરવાના થતા તથા થયેલ સેન્ટર ખાતે નીચે મુજબની જગ્યા માટે ૧૧ માસનાં કરાર આધારીત, ફીકસ પગારથી લાયકાત ધરાવનાર ઉમેદવારો પાસેથી નીચેની શરતો / વિગતોને ધ્યાને લઈ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દીવસ – ૧૦ માં રજીસ્ટર્ડ એડી પોષ્ટથી અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ, પગાર ધોરણ, વય મર્યાદા | જગ્યાની સંખ્યા | જરૂરી શૈક્ષણીક લાયકાત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | સ્ટાફ નર્સ<br>માસીક ફીકસ પગાર રૂ. ૨૦,૦૦૦/– વયમર્યાદા–૫૮ વર્ષ | હાલમાં –૩ તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે | સરકાર માન્ય નર્સીગ માં બેચલર ડીગ્રી પાસ **અથવા** ડીપ્લોમા ઈન જનરલ નર્સીગ એન્ડ મીડવાઈફરી | ગુજરાત નર્સીગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન જરૂરી છે. (સ્ત્રી ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે) |
| ૨ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર(પુરુષ) માસિક ફીકસ પગાર રૂા.૧૫૦૦૦/– વયમર્યાદા–૫૮ વર્ષ | હાલમાં –૮ તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટ | સરકાર માન્ય સેનેટરી ઈન્સ્પેકટરનો કોર્સ અથવા એમ.પી.એચ.ડબલ્યુ નો કોર્સ | પુરુષ ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે. |

યોગ્ય લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ પોતાની અરજી, બાયોડેટા, ધો–૧૦ થી ઉચ્ચ અભ્યાસ સુધીના તમામ શૈક્ષણિક લાયકાતની માર્કશીટ તથા ડિગ્રી સર્ટીફીકેટની પ્રમાણીત નકલ, અનુભવ, ઉંમરના આધારોની પ્રમાણીત નકલો તથા અરજી ઉપરનાં ભાગે ડાબી બાજુએ પોતાની સહી કરેલ તાજેતરનો ફોટોગ્રાફ સાથે મેમ્બર સેક્રેટરી, અર્બન હેલ્થ સોસાયટી, આરોગ્ય વિભાગ, ભાવનગર મહાનગરપાલિકામાં રજીસ્ટર્ડ એડી પોષ્ટથી જાહેરાત પ્રસિધ્ધ થયેથી દીવસ – ૧૦ માં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. સરકારશ્રીની ૧૫માં નાણાપંચની માર્ગદર્શિકા અનુસાર ઉપરોકત જગ્યા માટેનાં પગાર ધોરણમાં ફેરફાર થવાપાત્ર છે. અધુરી વિગત વાળી અરજી રદ પાત્ર રહેશે. મળેલ કામગીરી તદન હંગામી તથા કરાર આધારીત હોવાથી અન્ય કોઈ હકક, હીત, ભથ્થુ મળવા પાત્ર થશે નહી તથા મુદત પુરી થયે નિમણુક આપોઆપ સમાપ્ત થશે. અન્ય શરતો સરકારશ્રી દ્વારા જે નિયત થયેલ છે તે ઉમેદવાર ને લાગુ પડશે. આ જગ્યાઓની ભરતી કરવી કે ન કરવી, આપેલ જાહેરાત રદ ગણવી અગર આ જગ્યાઓ ભરવાની સંખ્યામાં વધારો કે ઘટાડો કરવાના તમામ અધિકાર ચેરમેનશ્રી, અર્બન હેલ્થ સોસાયટીનાં રહેશે.

સહી : (અવાચ્ય)
ચેરમેનશ્રી, અર્બન હેલ્થ સોસાયટી અને
કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર

માહિતી/ભાવ/૮૪૦/૨૪